ગાંધીનગર સમાચાર

**આંતર વિભાગીય ક્રિકેટ મેચમાં નાણા વિભાગની ટીમ ચેમ્પિયન**

# સે-૨૧ કાપડ મહાજન દ્વારા ઈનામી ડ્રો યોજાયો

## કાપડના ૭૫ વેપારીઓએ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજયો : ૧૦૦૧ નસીબવંતા ગ્રાહકોને ઈનામ લાગ્યાં

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ કાપડના વેપારીઓ દ્વારા ગ્રાહકો માટે દિવાળીમાં ઈનામી સ્કીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્કીમનો આજે ડ્રો સેકટર-૨૧ ડિસ્ટ્રીકટ શોંપીગ ખાતે યોજાયો હતો. જેમાં કાર થી લઈ ડીનર સેટ સુધીના લાખો રુપીયાના ઈનામોની લ્હાણી વેપારીઓ દ્વારા ગ્રાહકોને કરવામાં આવી હતી. શહેરના ધારાસભ્ય, મેયર, વેપારી અગ્રણીઓ, નગરના આગેવાનોના હસ્તે ઈનામી ડ્રો કરાયો હતો. આ લક્કી ડ્રો માં ઈનામો મેળવનાર નસીબવંતા ગ્રાહકો આ ટાણે ખુશીથી ઝુમી ઉઠ્યા હતાં. આજે સવારથી જ ઈનામી ડ્રો હોવાથી સેકટર-૨૧ ખાતે હજ્જારોની સંખ્યામાં ગ્રાહકો પોતાના પરિવાર સાથે ઉમટી પડ્યા હતા.

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ડિસ્ટ્રીકટ શોંપીગ સેન્ટરમાં વર્ષોથી કાપડનો વેપાર કરતા ૭૫ વેપારીઓ એકઠા થઈ દિવાળીના દિવસોમાં શહેરના માનવંતા ગ્રાહકો માટે ઈનામી સ્કીમનું આયોજન કરવામાં આવ્યું હતું.





(તસવીર : દિપક જાની)

જેમા આ દિવસોમાં રૂ.૧૦૦૦ની કાપડની ખરીદી પર વેપારી દ્વારા ઈનામી કુપન આપવામાં આવી હતી. જેમાં ૧૦૦૧ ઈનામો માનવંતા ગ્રાહકોને લાગવાના હતા. આ ઈનામમાં ૧૯ પ્રકારની ચીજવસ્તું રાખવામાં આવી હતી. જેમાં કાર, બાઈક, ઘરઘંટી, વોશીંગ મશીન, એલ.ઈ.ડી. ટીવી,એસી, એન્ડ્રોઈડ મોબાઈલ ફોન, મીક્ષ્ચર કમ જયુસર, ટ્રાવેલીંગ ટ્રોલી બેગ, પ્રેશર કુકર, ટોસ્ટર, બ્લેન્ડર, ડીનર સેટ, બાથરૂમ સેટ, બાઉલ સેટ, કેશ રોલ, વોટર જગ, ટીફીન સેટ,નો સમાવેશ થાય છે. આ સ્કીમનો ઈનામી ડ્રો હોવાથી સેકટર-૨૧ ડ્રીસ્ટ્રીકટ શોંપીગ ખાતે સુંદર શામીયાણો બાંધવામાં આવ્યો હતો. ગ્રાહકો માટે ચા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સવારે ૧૧ કલાકે ડ્રો યોજાયો હતો. આ પ્રસંગે શહેરના ધારાસભ્ય અશોકભાઈ પટેલે તેમજ વેપારીઓએ ગ્રાહકોને શુભેચ્છા પાઠવી હતી.જયારે શહેરના મેયર હંસાબેન મોદીએ જણાવ્યું હતું કે શહેરીજનોમાં વેપારીઓ પ્રત્યે જે છાપ ઉભી થવા પામી છે કે ગાંધીનગર મોંઘુ છે એટલે અમદાવાદ ખરીદી માટે જઈએ આ છાપ ભુંસવી પડશે.અને અમદાવાદ કરતા શહેરમાં સસ્તું મળે છે. જયારે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાએ જણાવ્યું હતું કે આજના વેપારીઓ સામે ઘણા બધા પડકારો છે. આજના યુગમાં ઓનલાઈન ખરીદીનું ચલણ વધ્યું છે તેમજ મંદીનો માહોલ છે તેવા સમયે વેપારીઓએ પોતાનો નફો ગ્રાહક સુધી વેચવાનું જે કાર્ય કર્યું છે તે ખુબ સરાહનીય છે. આ સ્કીમથી વેપારી અને ગ્રાહક સાથે લાગણીનો સેતુ બનાવ્યો છે. જયારે નગરમાં વેપારી પ્રવૃતિ ધમધમતી થશે ત્યારે જ નગરની ગરીમા વધશે. ઈનામી ડ્રો ના પ્રારંભ થતા જ ઉપસ્થિત ગ્રાહકોમાં આનંદની લાગણી છવાઈ હતી. એક બાદ એક ડ્રો ના પરિણામ આવતા સમગ્ર વાતાવરણમાં આનંદ છવાયો હતો. આ ઈનામ જે ગ્રાહકને લાગ્યું છે તે ગ્રાહકે દિન ૧૦ માં ઈનામ મેળવી લેવાનું રહેશે. સેકટર-૨૧ શોંપીગ સેન્ટરના ૭૫ વેપારીઓ દ્વારા આ સ્કીમનું આયોજન કરવામાં આવ્યું હતું. માત્ર ૨૭ દિવસના ટુંકા ગાળામાં આ ડ્રો યોજાયો હતો. આ પ્રસંગે શહેરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, નગરના મેયર હંસાબેન મોદી, વેપારી અગ્રણી કાળીદાસ પટેલ, જયોતિન્દ્ર વ્યાસ, પૂર્વ પ્રમુખ વેપારી એસોસિએશન, મહેશ ભટ્ટ પ્રમુખ ડિસ્ટ્રીંકટ શોંપીગ સેન્ટર સે-૨૧,એલસીબી પીઆઈ આશુતોષ પરમાર સહિત શોંપીગના અન્ય અગ્રણી વેપારીઓ, ગ્રાહકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## @ગાંધીનગર

● અખિલ ગુજરાત રાજય શાળા સંચાલક મહામંડળ દ્વારા સવારે ૯.૦૦ થી સાંજના ૪.૦૦ કલાક દરમિયાન પ્રેક્ષા ભારતી, કોબા પાટીયા ખાતે શૈક્ષણિક અને વહીવટી અધિવેશન યોજાશે.

● ગુજરાત રાજય સીડસ પ્રોડયુસર્સ એસોસીએશન દ્વારા બપોરે ૨.૦૦ થી ૫.૩૦ કલાક દરમિયાન સેકટર-૨૮ જીઆઈડીસી એન્જીનીયરીંગ કોમ્પ્લેક્ષના કોમ્યુનિટી હોલ ખાતે ચિંતન મિટીંગ યોજાશે.

● ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘ દ્વારા તા. ૨૨ અને ૨૩ ડિસેમ્બરના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. તા. ૨૨મીએ સવારે ૧૦.૦૦ કલાકે છાવણી નિર્માણ કાર્યક્રમનું બપોરે ૩.૦૦ કલાકે ઉદઘાટન તેમજ રાત્રે ૮.૦૦ કલાકે કેમ્પ ફાયર યોજાશે.

● સેંટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે આજે કેન્ટીન ડેની ઉજવણી કરાશે.

- નજાહખાનમ સૈયદ

## વાતવાતમાં

● શહેરના ઘ-૩ સર્કલ ખાતેથી ગત રોજ મોડી રાત્રે પસાર થઈ રહેલી સેવરોલેટ બીટ કારના ચાલકે અચાનક કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર અને બાઈકને મોટા પ્રમાણમાં નુકશાન થવા પામ્યું હતું.

● ગાંધીનગર શહેરના ગ-૨ વિસ્તારમાં તાજેતરમાં ઉભી રહેલી અલ્ટો કારના પાછળના ભાગે એકટીવા પર મોબાઈલ પર વાતચીત કરતો યુવક અથડાયો હતો. જેમાં કારનો પાછળનો ગ્લાસ તુટી ગયો હતો. તેમજ યુવકને પણ સામાન્ય ઈજા પહોંચી હતી.

● ગાંધીનગર શહેરના ન્યાયાલય સામે ગત રાત્રીએ સેન્ટ્રો કાર તેમજ અન્ય કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કોર્ટ સામે ઉભી રહેલી કારને પાછળથી આવી રહેલી કાર ટકરાઈ હતી.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## પીએચ.ડી. થયા



દિક્ષિતા રવિન્દ્રભાઈ ગાંધીએ ગ્રામ્ય અર્થશાસ્ત્ર વિષયમાં 'સૌરાષ્ટ્ર વિસ્તારમાં ગ્રામ પંચાયતનું સ્વરૂપ, કાર્યનું મુલ્યાંકન અને સમસ્યાઓનો અભ્યાસ' વિષય ઉપર પ્રો. ડૉ. આશાબહેન એલ. પટેલના માર્ગદર્શન હેઠળ મહાશોધ નિબંધ તૈયાર કર્યો હતો. જેને સૌરાષ્ટ્ર યુનિ.એ માન્ય રાખી એમને પી.એચ.ડી.ની પદવી એનાયત કરી છે.

## છોત્તેર ગોળ દરજી કેળવણી મંડળનું અમદાવાદમાં સ્નોહસંમેલન

પેથાપુર, તા.૨૧

શ્રી છોત્તેર ગોળ દરજી કેળવણી મંડળનું આગામી સ્નેહ સંમેલન તથા શૈક્ષણિક ઈનામ વિતરણ સમારંભ તા. ૧૦મી જાન્યુઆરીના રોજ ખંડુભાઈ દેસાઈ હોલ અસારવા ખાતે સવારે નવ વાગે યોજાશે. જ્ઞાતિજનોએ હાજર રહેવા આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

ગત વર્ષે સ્નેહમિલન અનિવાર્ય સંજોગોને કારણે યોજાયેલ ન હતું. ૨૦૧૪-૨૦૧૫માં શૈક્ષણિક વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારને ઈનામો આપવામાં આવશે. ધો-૮ થી ૧૨ સુધી ૭૦ ટકા ઉપર કોલેજ કક્ષાએ ૬૦ ટકાથી વધુ ગુણાંકવાળી માર્કશીટની ઝેરોક્ષ સ્વીકારવામાં આવશે. તા. ૧લી જાન્યુઆરી સુધીમાં પ્રમુખ/મંત્રીને માર્કશીટ મોકલી આપવી, વેશભૂષા સંગીત વગેરે હરિફાઈ પણ યોજવામાં આવેલ છે. તો તે માટે કારોબારીના સભ્યો પાસે નામ નોંધાવવાના રહેશે. આ સ્નેહ સંમેલનમાં ઉપસ્થિત રહેવા પ્રમુખશ્રી ચંદુલાલ દરજી, મંત્રીશ્રી સોમાભાઈ દરજીએ જ્ઞાતિજનોને હાજર રહેવા અપીલ કરી છે તેમ પેથાપુરના કારોબારી સભ્યશ્રી નટુભાઈ કે. દરજીએ એક યાદીમાં જણાવ્યું છે.

## શેઠ સી.એમ. હાઈસ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા મદદરૂપ થવા નવી પહેલ

ગાંધીનગર, તા.૨૧

આર્થિક સંપન્ન વિદ્યાર્થીઓ કે જેમની પાસે ગણવેશ કે અન્ય શિયાળામાં કડકડતી ઠંડીમાં પહેરી શકાય તેવા સ્વેટર અને અન્ય કપડાં કે જે બીજાને ઉપયોગી થાય તેવા હોય તે શાળામાં માધ્યમિક વિભાગના સુપરવાઈઝર શ્રી પ્રહલાદભાઈ પટેલ પાસે જમા કરાવવામાં આવે છે. આ વસ્ત્રો અન્ય વિદ્યાર્થીઓને આપવા જેવી સરસ કામગીરી શરૂ કરવામાં આવી છે. આ કામગીરીમાં સ્ટાફનો અને વાલીઓનો વિદ્યાર્થીઓને અભૂતપૂર્વ સહકાર મળી રહ્યો છે. આચાર્યશ્રીએ પ્રોત્સાહન આપીને અભિનંદન પાઠવેલ છે.

# આંતર વિભાગીય ક્રિકેટ મેચમાં નાણા વિભાગની ટીમ ચેમ્પિયન

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ટીમ સામે ૭ વિકેટે શાનદાર વિજય

ગાંધીનગર, તા.૨૧

સે-૨૧ જીમખાના ક્રિકેટ મેદાન પર આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટ ની ફાઈનલમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ટીમ સામે નાણાં વિભાગની ટીમનો ૭ વિકેટે શાનદાર વિજય થતા ચેમ્પિયન બની હતી.

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ આજે નાણા વિભાગ અને આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ વચ્ચે યોજાઈ હતી. જેમાં ટોસ જીતી આરોગ્ય વિભાગની ટીમે બેટીંગ લેતા ૨૦ ઓવરમાં ૧૨૨ રન નોંધાવ્યા હતા. આરોગ્ય વિભાગની ટીમ તરફથી અજય પટેલે ૪૯ રન, મહેન્દ્રસિંહ રેવરે ૨૬ રન અને અજય પટેલના ૨૨ રન મુખ્ય હતા. જયારે નાણા વિભાગની બોલીંગમાં શૈલેષ પ્રજાપતિએ ૩.૫ ઓવરમાં ૪ વિકેટ, ધવલ અગ્રાવતે ૪ ઓવરમાં ૨ વિકેટ અને ધર્મશ કહાર, સંદિપસિંહ ચાવડા અને ભરત ઠાકરે એક-એક વિકેટ મેળવી હતી.



**ફાઈનલમાં નાણા વિભાગની ટીમના વૈભવ મોડ મેન ઓફ ધ મેચ, જયારે અજય પટેલને મેન ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યા**

બીજી બેટીંગમાં ૧૨૨ રનનો પીછો કરવા ઉતરેલી નાણા વિભાગની ટીમના ખેલાડીઓએ શાનદાર બેટીંગ કરતા ૧૩.૪ ઓવરમાં ૩ વિકેટ ગુમાવી ૭ વિકેટે ચેમ્પિયન બની હતી. નાણા વિભાગની ટીમ તરફથી દિલપીસિંહ રાજપુતે ૬૧ રન (નોટ આઉટ), વૈભવ મોડે ૫૦ રન ફટકાર્યા હતા. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની બોલીંગમાં અજય પટેલે ૨ વિકેટ અને બંકીમ ચૌધરીએ ૧ વિકેટ ઝડપી હતી.

ટુર્નામેન્ટના અંતે ફાઈનલ મેચમાં શાનદાર દેખાવ કરવા બદલ વૈભવ મોડને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા જયારે મેન એફ ધ સીરીઝ અજય પટેલ, બેસ્ટ બેસ્ટમેન દિલીપસિંહ રાજપુત, બેસ્ટ બોલર શૈલેષ પ્રજાપતિ બેસ્ટ ફિલ્ડર શૈલેષ પ્રિયદર્શી અને બેસ્ટ વિકેટ કીપર જયન પટેલને જાહેર કરવામાં આવ્યા હતા. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ટીમ મેનેજર સી.એન. મારૂ, રાજેન્દ્ર અસોડાએ માર્ગદર્શન પુરું પાડયું હતું જયારે નાણા વિભાગ તરફથી ટીમ મેનેજર તરીકે દિનેશ દાણીએ સેવાઓ આપી હતી.

ટુર્નામેન્ટ દરમિયાન ડી.જી. મોઝર, સલીલ યાદવ અને મનીષ વાઘે તેમજ સ્કોરર તરીકે નીરવ પ્રજપતિ અને સ્કોર બોર્ડ માટે પંકજ પરમારે સેવાઓ આપી હતી અંતે વિજેતા ટીમના કેપ્ટનને જી.એ.ડી.ના ઉપસચિવ જે.પી. પટેલ દ્વારા જયારે ઉપવિજેતા ટીમને નાયબ સચિવ કિશોર મોઢા દ્વારા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેકશન અધિકારી ઉદય બ્રહ્મભટ્ટે કર્યું હતું.

## અરવિંદ કેન્દ્રમાં નેચરોપથીની સેવા શરૂ થશે

શ્રી અરવિંદ કેન્દ્ર અને નૈસર્ગિક સ્વસ્થ્ય મંડળના સંયુકત ઉપક્રમે આગામી તા. ૧લી જાન્યુઆરી ૨૦૧૬ના રોજથી નેચરોપથી કન્સલન્ટીંગની સેવા શરૂ કરવામાં આવશે. અઠવાડિયાના દર સોમવાર, બુધવાર અને શુક્રવારે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન નેચરોપથીની સેવા પુરી પાડવામાં આવશે. જેમાં ૠષિ પ્રણાલીરૂપ કુદરતી ઉપચાર પધ્ધતિથી સ્વાસ્થ્ય અંગે જાળવણીના ઉપાયો બતાવવામાં આવશે. નેચરોપથીના વર્ષાબેન દવે દ્વારા કન્સલટ કરવામાં આવશે.

## નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળનો સ્નેહમિલન યોજાશે

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા આગામી તા. ૨૫મી ડિસેમ્બરને શુક્રવારના રોજ મંડળના સ્થાપના દિવસ નિમિત્તે બપોરે ૩.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન સેકટર-૨૩, અરવિંદ કેન્દ્ર ખાતે સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં નૈસર્ગક પ્રણાલીમાં રસ ધરાવતા નગરના નગરજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. તથા સ્વાસ્થ્ય મંડળના તમામ સભ્યોને અચુક હાજર રહેવા પ્રમુખે જણાવ્યું છે.

## હવેલી પરગણા વણકર સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

શ્રી હવેલી પરગણા વણકર સમાજ દ્વારા આગામી તા. ૨૪મી ડિસેમ્બરનો ગુરુવારના રોજ સ્નેહમિલન તથા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૭ની લગ્નવાડી ખાતે સવારે ૧૦.૦૦ કલાકે યોજાનાર કાર્યક્રમમાં સમાજના સીનીયર સીટીઝન, નવી નોકરી મેળવનાર, બઢતી થયેલા તથા તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરવામાં આવશે. તેમજ નિવૃત્ત અધિકારીઓ અને કર્મચારીઓનું પણ સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સમાજના દરેક પરિવારોને ઉપસ્થિત રહેવા સમાજના પ્રમુખ જસવંતકુમાર અમીને જણાવ્યું છે.





## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૧

ઉપરોકત વિષયના અનુસંધાનમાં તાજેતરમાં અમદાવાદ કૃષ્ણનગર ખાતે ગુજરાત સ્ટેટ ટેકોન્ડો એસોસિએશન દ્વારા આયોજીત ગુજરાત સ્ટેટ ટેકોન્ડો ચેમ્પિયનશીપ ૨૦૧૫માં શાળાના પ્રાથમિક તથા માધ્યમિક વિભાગના બાળકોએ ભાગ લીધો હતો. જેમાં અંડર-૭માં પટેલ હરમિત રાજેન્દ્રકુમાર, અંજર-૧૨ પટેલ સલોની રાજેન્દ્રકુમાર તથા અંડર-૧૪માં પટેલ હર્ષ સતિશભાઈ અને પટેલ રોનક નરેશભાઈએ પોતાનો ઉત્કૃષ્ટ દેખાવ કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

વિજેતા તમામ બાળકોને ગુજરાત સ્ટેટ ટેકોન્ડો ચેમ્પિયનશીપ ૨૦૧૫ દ્વારા સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. શાળા પરીવારે પણ આ તમામ વિદ્યાર્થીઓને પોતાની સિધ્ધિ માટે અભિનંદન પાઠવ્યા હતા.





તાજેતરમાં ગુજરાત સચિવાલય એન્ડ એલાઈડ ઓફિસીસ સ્ટેનોગ્રાફર્સ એસોસિએશન દ્વારા જુના સચિવાલય કેન્ટીન ખાતે સ્નેહમિલન સમારોહ યોજાયો હતો જેમાં સચિવાલય કેડરના અંગત મદદનીશ, રહસ્ય સચિવ અને અગ્ર સચિવો તેમના પરિવાર સહીત મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં નિવૃત્ત થયેલા સચિવોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જે.સી. પટેલ, એ.એમ. ગાંધી, વત્સલ વોરા તેમજ એસોસિએશનના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# નગરજનોની ઠંડી ઉડાડતુ આદુ હોટ ફેવરીટ

## વ્યાજબી ભાવે આદુ ઉપલબ્ધ બનતા ગૃહિણીઓમાં હાશકારો, શરદી, ખાંસીમાં આદુ એ દેશી ઉપચાર

ગાંધીનગર, તા.૨૧

કડકડતી ઠંડી એ લોકોને ઝકડી લીધા છે ત્યારે શરીર આ ઠંડીનો સામનો કરી શકે તે માટે ગરમ ખાદ્ય પદાર્થોનું સેવન અનિવાર્ય થઈ ગયું છે. વિવિધ ગરમ ખાદ્ય પદાર્થો પૈકી નગરજનોમાં આદુ સૌથી વધુ લોકપ્રિય ખોરાક બન્યો છે. ઔષધીના સ્વરૂપે ઉપયોગમાં લેવાતુ આદુ શરદી, ખાંસી જેવા રોગોમાં અકસીર સાબિત થાય છે. જેથી શાકમાર્કેટમાં આદુ ગૃહીણીઓનું હોટ ફેવરીટ બન્યું છે.

એકાદ અઠવાડીયાથી ઠંડીએ પોતાનો અસલી મિજાજ બતાવતા રાજયનું પાટનગર નલીયા પછીનું સૌથી વધુ ઠંડુ શહેર બની ગયું છે. કડકડતી ઠંડીમાં ખોરાક પ્રત્યે વિશેષ કાળજી લેવાય છે. જેમાં શરીરમાં ગરમાવો પેદા કરે તેવા ખોરાક વધુ પ્રમાણમાં લેવાઈ રહ્યા છે. નગરમાં હાલ ટોઠા, હળદરીયુ વગેરે બનાવાય છે જેને તેજ અને તમતમાટ બનાવવા લસણ અને આદુનો ભરપૂર ઉપયોગ થાય છે.આદુ મિશ્રિત ખોરાક લેવાથી શરીરમાં એક પ્રકારની ઉષ્મા પેદા થાય છે જે ઠંડી સામે રક્ષણ આપે છે. ચા-કોફી, દાળ, કઢી તથા ઉંધીયા જેવા શાકમાં આદુનો ઉમરો કરી સ્વાદિષ્ટ અને ચટાકેદાર બનાવાય છે.



તીવ્ર ઠંડીના કારણે હાલ નાના બાળકો, વૃધ્ધો અને બિમાર વ્યકિતઓની હાલત કફોડી બની છે ત્યારે ઔષધીના સ્વરૂપે આદુનો રસ, આદુ અને મધ તેમજ આદુ અને ગોળ મિશ્ર કરી પિવડાવી આ રોગમાં રાહત મળે છે. જો કે આર્યુવેદમાં આદુ એ અનેક ગુણોથી ભરેલું કંદમૂળ ગણાય છે. વધુમાં આદુને સુકવીને બનાવવામાં આવતી સુંઠ પણ વિવિધ ખાદ્ય પદાર્થોમાં ઉપયોગમાં લેવાય છે. જેમ કે મેથીપાક, સાલમપાક, આદુપાક વગેરે ગુણકારી શિયાળુ ખાદ્ય પદાર્થો આદુના મિશ્રણ થકી વધુ સ્વાદિષ્ટ બને છે. શાક માર્કેટમાં આદુ હાલ ૫૦ થી ૬૦ રૂપિયે કિલો વેચાય છે જેથી વ્યાજબી કિંમતે ઉપલબ્ધ બની રહેતા આદુનો ગૃહિણીઓ ઠંડીની સિઝનમાં મન મુકીને ઉપયોગ કરી પરિવારના સ્વાસ્થ્યની કાળજી લઈ રહી છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## ક્રિસમસ નિમિત્તે હીરામણી સ્કૂલમાં આનંદમેળાનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સરખેજ હાઈવે પર આવેલ હીરામણિ સ્કૂલ ખાતે તા. ૨૩મી ડિસેમ્બરના રોજ સવારે ૭.૩૦ થી સાંજના ૪.૦૦ કલાક દરમિયાન ક્રિસમસ ઉજવણી નિમિત્તે આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. શાળાના ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે મેળાનું આયોજન કરાયું છે. આ આનંદમેળામાં વિદ્યાર્થીઓ દ્વારા ૩૦થી વધુ સ્ટોલ્સ ઉભા કરવામાં આવશે. આ મેળામાં રમત ગમત, ખાણી પીણી ના સ્ટોલ ઉપરાંત શાળા દ્વારા વિદ્યાર્થીઓ માટે ડાન્સ ફલોરની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જેમાં પ્રાથમિક વિભાગના ધો-૧ થી ૭ના વિદ્યાર્થીઓ માટે કરંટ ગેઈમ, ફૂલબોલ, બાજનજર તથા નિશાનેબાઝ વગેરે તેમજ ધો-૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે થ્રો બોલ, નિશાનેબાઝ, પેનનું ઢાંકણ શોધવું, બાસ્કેટ બોલ જેવી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. બાલીબેન રૂમાલજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. હરીશ કુંભનદાસ વજીરાની, ઉ.વ. ૮૬